वर्ष : १७ सने : २०२१ सं.२०७७
अंक : ८, સળંગ અંક-૧૦૪ महा -फरवरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭
અંક : ૮ મહા ફેબ્રુઆરી સળંગ અંક-૧૦૪

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ - ૨
★ પત્રપ્રેરણા
★ વાંચનનું તારણ
★ અનુમોદનાનો અમૃતથાળ
★ પુનર્જન્મ


## આર્ષવાણી

**सुत्यजं रसलाम्पट्यं,**
**सुत्यजं देहभूषणम्।**
**सुत्यजाः कामभोगाश्व,**
**दुस्त्यजं दम्भसेवनम्।।**

રસલંપટતા -જીભની ગુલામી છોડવી સરળ છે, શરીરનાં શણગાર છોડવા આસાન છે.પાંચ ઈન્દ્રિયના વિષયોનો ત્યાગ કરવો સુકર છે પરંતુ માયા-દંભનું સેવન છોડવું દુષ્કર છે.

જે ભિન્ન ભિન્ન ઉપાયોથી માયા કરીને બીજાને ઠગે છે, તે દિવ્ય અને મોક્ષના સુખથી પોતાના આત્માને જ ઠગનારો મહામોહરાજાનો મિત્ર છે !



## ★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ - ૨ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયમગ્ન,અનેક વિષયોના મર્મવેત્તા, રહસ્યોના ઉદ્ગાતા, સમતા-સહિષ્ણુતાની વિશિષ્ટ મૂર્તિ,ત્યાગ-વૈરાગ્ય-સંયમયોગી, ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક, પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયમિત્રાનંદ-સૂરીશ્વરજી મહારાજાએ**; પોતાને અનેક ગુરુભગવંતો-મહાપુરુષોના માધ્યમથી મળેલો વિશિષ્ટતમ જ્ઞાનખજાનો યોગ્ય જીવોને આપવામાં ક્યાંય-ક્યારેય કચાશ રાખી નથી.તે જ રીતે પોતાના કૃપાપાત્ર વિદ્વાન શિષ્યરત્ન પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજને પણ આપવામાં ક્યાંય કચાશ રાખી નથી.આગમાદિ ઘણા વિષયોનો જ્ઞાનવારસો આ શિષ્યને પ્રાપ્ત થયો છે.ગુરુભગવંતે જેમ આપવામાં ક્યાંય કંજૂસાઈ નથી કરી,તેમ આ શિષ્યએ લેવામાંય ક્યાંય કચાશ નથી રાખી.ખાસ કરીને આગમ-શિલ્પ-વિધિવિધાન-મુહૂર્ત-પ્રકરણગ્રંથો-તત્ત્વજ્ઞાનના વિષયોમાં સવિશેષ તૈયાર કર્યા છે.

ગુરુકૃપાના બળે તેઓશ્રી વિશિષ્ટ લેખક અને વિશદવક્તા પણ છે.પૂ.ગુરુદેવે તેઓશ્રીને સારણા-વારણા-ચોયણાદિથી ઘડ્યા પણ છે. તે જ કારણે ઘણા વિષયોનો સુંદર ઉઘાડ તેઓશ્રી ધરાવે છે.ગુરુના અંતરમાં વસીને અંતરના આશિષ મેળવ્યા છે.

'ધર્મદૂત' પાક્ષિક-માસિકના માધ્યમથી પૂ.ગુરુદેવે લગભગ ૩૨-૩૩વર્ષ સુધી સતત જ્ઞાન પીરસવાનું કાર્ય કર્યું.તેઓશ્રીના સ્વર્ગગમનબાદ આ કૃપાપાત્ર શિષ્યએ જ ધર્મદૂતના માધ્યમથી સમ્યગ્જ્ઞાન પીરસી રહ્યા છે.નિત નવા નવા વિષયોની વાતો આલેખી રહ્યા છે. નવું-નવું ચિંતન પ્રાપ્ત કરાવી રહ્યા છે. જિનાગમાદિ શાસ્ત્રોની ગહન વાતોને સાવ સરળ અને લોકભોગ્ય શૈલીમાં પીરસી રહ્યા છે. ગુરુદેવની જેમ આ શિષ્ય પણ સતત જ્ઞાનમગ્ન જોવા મળે છે. જિનશાસન તો સમ્યગ્જ્ઞાનનો અખૂટ ખજાનો ધરાવે છે.એ જ્ઞાનસાગરનો પાર પામવો મુશ્કેલ છે. તે જ રીતે સમ્યગ્જ્ઞાન- દાનનો પણ વિશિષ્ટ મહિમા છે.

ઘણા ભાગ્યશાળીઓની માંગણીને ધ્યાનમાં લઈ;જગતમાં અજોડ શિલ્પ અને તેના વિધિ-વિધાનને લોકભોગ્ય ભાષા-શૈલીમાં કંડારવા-માર્ગદર્શન આપવાની ભાવનાને સાકાર કરવા પૂજ્યશ્રી પ્રયાસ કરી રહ્યા છે. વર્તમાનકાળે જિનાલયોનાં

નિર્માણ અને જીર્ણોદ્ધારનાં કાર્યો ખૂબ થઈ રહ્યાં છે. એની સામે આ વિષયનું જ્ઞાન શ્રાવકોમાં નથી.લેતા પણ નથી.તેના યોગે થતો ધનનો દુર્વ્યય અને ઊભા થતા શિલ્પના દોષો તરફ લક્ષ્ય જતું નથી. વિધિમાં પણ ઘણી ગરબડો થઈ રહી છે. આ બધાં કાર્યો દોષ રહિત થાય,સાચું શાસ્ત્રીય માર્ગદર્શન મળી રહે તે માટે જ આ વિભાગ શરૂ કર્યો છે. અત્યારસુધી ૨૦૦થી અધિક જિનાલયોનું માર્ગદર્શન પૂજ્યશ્રી આપી ચૂક્યા છે. તેથી જ્ઞાન અને અનુભવનો ખજાનો વાચકોને મળશે. વાચકો પોતાનો અભિપ્રાય જણાવી શકે છે તથા પ્રશ્નો પણ પૂછાવી શકે છે. - **સંપાદક**)

ગતાંકમાં આપણે જિનાલયના ખનનની વિચારણા કરી હતી. શિલાસ્થાપન (ન્યાસ)ના વિધાનને હવે તપાસીએ.

જે પત્થર વગેરે પદાર્થ(મટીરિયલ)માંથી જિનાલય બનાવવાનું હોય, તે જ પત્થર આદિની શિલા બનાવવાનું વિધાન છે. એટલે જિનાલય કયા પત્થરમાંથી બનાવવાનું છે, તે નિશ્ચિત થઈ જવું જોઈએ.હા, વિધાનમાં જણાવ્યું કે ઉત્કૃષ્ટ કરવું હોય તો સોનાની શિલા પણ બનાવી શકાય.

શિલાના માપ પણ નક્કી કરવાં જોઈએ.જિનાલયના ગર્ભગૃહના રેખામાન પ્રમાણે શિલાનાં માપ નક્કી થવાં જોઈએ.ગમે તે માપની શિલાઓ ન બનાવાય. એક સોમપુરાએ તો તાંબાના પતરાની શિલાઓ બનાવવાનું અને સ્થાપવાનું ચાલું કર્યું હતું, તે પણ કાયમ માટે એક જ માપ..ભલે જિનાલય(ગર્ભગૃહ) ગમે તેટલું નાનું કે મોટું હોય..! માત્ર ૭X૭ ઈંચની.પતરા ઉપર નવ ચિત્રો ઉપસાવી દેવાનાં કે કોતરી નાખવાનાં.શિલા તૈયાર! જ્યારે શાસ્ત્રીય વિધાન પ્રમાણે તેની લંબાઈ પહોળાઈ અને જાડાઈ : એમ ત્રણે માપ જણાવ્યાં છે. પતરામાં આ નિયમો ક્યાંથી જળવાય? આવું કરવાનું કારણ પૂછવામાં આવ્યું તો જવાબ મળ્યો કે બહાર મોકલવા લઈ જવામાં તૂટવા વગેરેનો ભય ન રહે. સુગમતાથી લઈ જઈ શકાય..! મંદિરના આટલા કોતરણીવાળા પત્થર તૂટવા વગેરેનો ભય નથી ને શિલા તૂટી જાય ? તર્ક પણ કેવો ? માથામાં ન જ બેસે તેવો. કઈ રીતે તેને માન્ય કરાય ?

મૂળવાત એ છે કે - ગમે તેમ કરીને પણ સૌને સગવડવાળી ચીજ બનાવવી છે. ઝાઝી માથાફોડ ન કરવી પડે તેવું શોધી લેવું છે. શાસ્ત્રીયવાતોને ગૌણ કરવી છે. મનમાન્યું કરવું છે. શ્રાવકો આ વિષયમાં કયાંય રસ લેતા નથી. સોમપુરાઓ



ઉપર આંધળો વિશ્વાસ મૂકી દે છે. સોમપુરાને ભગવાન માની લે છે.સોમપુરાઓ પણ મોટે ભાગે શાસ્ત્રનો વિચાર કરતા નથી. પોતે જે કરે તે બધું બરાબર જ છે, એવું બધાને સમજાવી દે છે. જૈનોના દેવદ્રવ્યના પૈસા ખાવાનો અધિકાર માત્ર અમને જ છે, એવું સ્પષ્ટ બોલે છે! દેવદ્રવ્યની આવક સારી હોવાથી શ્રાવકો પણ ઉદાર (!) અને અજ્ઞાન બની છૂટે હાથે પૈસા આપે જાય છે. કેટલા દોષના ભાગીદાર થતા હશે, તે તો જ્ઞાની જ કહી શકે. આ વિષયના જાણકાર પાસે જવાની ભાવના-ફુરસદ તેઓને હોતી નથી.

કેટલેક ઠેકાણે શ્રાવકોના મગજમાં વિચારોનું ભૂત એવું સવાર થતું હોય છે કે આપણે દેવદ્રવ્યની ઊપજ થાય તે બહાર ન આપવી.આપણે ત્યાં જ વાપરવી.(ભલે પોતે જિનાલય ઊભું કરતી વખતે અન્ય સંઘો- સંસ્થાઓને અરજી કરી બહારના પૈસાથી મંદિર ઊભું કર્યું હોય.) એ રકમ પોતાના સંઘના જ જિનાલયમાં ખર્ચવાની ભાવનાથી; બિનજરૂરી ખર્ચા કરી નાખે છે. એ રીતે દેવદ્રવ્યના દુરુપયોગના ભાગીદાર થાય છે. વહીવટ કરીને (વહીવટદાર હોવા છતાં માલિક જેવો વ્યવહાર કરતા હોય છે. કોઈ સારા જાણકાર ગુરુભગવંતની સલાહ લેતા નથી. શિલ્પના નિયમોનું જ્ઞાન તો તેમને હોતું જ નથી.)પુણ્ય કમાવવાની - તીર્થંકરનામકર્મ ઉપાર્જવાની તક વેડફી નાખી પાપ બાંધવાનું કાર્ય કરતા હશે.ટ્રસ્ટીઓની આપખુદશાહી પણ ઘણે ઠેકાણે જોવા મળે છે.સંઘના ડાહ્યા માણસોની વાત પણ સ્વીકારવા તેઓ તૈયાર હોતા નથી.કેટલાકને તો વળી બેંક બેલેન્સ બનાવવા-વધારવામાં જ રસ હોય છે. પડોશી ગામવાળા કે યોગ્ય જગ્યાએ જીર્ણોદ્ધાર કે નવિન જિનાલય બંધાતું હોય તો ત્યાંય રકમ આપતા નથી !

ધર્મને સમજનારા-સમજેલા-ધર્મના નિયમ પ્રમાણે વર્તનારા,નમ્રપણે સારી સાચી વાતનો સ્વીકાર કરનારા,યોગ્ય ગુરુભગવંતોની સલાહ લેનારા ટ્રસ્ટીઓનો દુકાળ પડ્યો છે,એવું કહીએ તો અયોગ્ય નથી.પૈસાના જોરે જ મોટાભાગે ટ્રસ્ટી બનનારા કે માન-પાન-સન્માન માટે હોદ્દો સંભાળનારા વધારે છે.ટ્રસ્ટીઓના ગુણોવાળા ટ્રસ્ટી કેટલા હશે, તે સવાલ છે.નૈતિકતા ને ધાર્મિકતા તેમનામાં કેટલી હશે, તે યક્ષપ્રશ્ન છે. ઘણે ઠેકાણે તો ટ્રસ્ટીઓમાં પણ પરસ્પર મેળ હોતો નથી.તેને કારણે સંઘનાં ઘણાં કાર્યો સિદાય છે, થતાં નથી.વર્ષોથી કાર્યો ખોરંભે પડેલાં જોવા

મળે છે. પક્ષા-પક્ષી પણ ચાલતી હોય છે.પોત-પોતાનાં ગ્રુપો બનાવવાની ચાલ રમાતી હોય છે.આંખની શરમ,સંબંધ-સ્વાર્થના યોગે અયોગ્યને ટેકો અપાતોય જોવા મળે છે. કેટલાક હઠ-જીદ ઉપર આવી જાય છે.સરકારી કે ધાર્મિક નીતિ-નિયમોને કોરણે મૂકીને, જેમ ફાવે તેમ વર્તન - વહીવટ કરે છે.

કેટલાક ટ્રસ્ટીઓ એવું પણ બોલે છેઃ પૈસાની બાબતમાં ગુરુભંગવંતને શું પૂછવાનું? એ વિષય ગુરુભગવંતોનો નથી, શ્રાવકોનો છે. હકીકતમાં દરેક વિષયમાં યોગ્ય જાણકાર ગુરુભગવંતની સલાહથી જ ચાલવું જોઈએ,જેથી દોષ ન લાગી જાય.પાયાની સમજ ન હોવાના કારણે આવી ઘણી ગરબડો, મોટે ભાગના સંઘોમાં ચાલતી હોય છે. હા, કેટલાક એવા હોદ્દેદારો છે કે નાનામાં નાની બાબતમાંય ગુરુભગવંતોનું માર્ગદર્શન મેળવીને જ આગળ વધે છે. આ વ્યવહારુ અને શાસ્ત્રીયમાર્ગ છે. આમ કરવાથી દોષ લાગવાનો સંભવ ન રહે. ભૂલ થવાની શક્યતા નામશેષ થઈ જાય.ગુરુવગર જ્ઞાન ક્યાંથી મળે ?શાસ્ત્રની રચના ગુરુભગવંતો જ કરતા હોય છે, તે વાત સ્વચ્છ વહીવટ કરવાવાળા અને ગુરુભગવંતોને પૈસા માટે નહીં પૂછવાનું; એવું કહેવાવાળાએ વિચારવું જોઈએ.

પોતાના જ જિનાલયમાં ખર્ચ કરવાની જડ માન્યતાના કારણે ચાંદીનાં પૂંઠિયા,એમાં ગંગા-જમના અથવા ડાયમંડવર્ક કરાવે છે.તેનાથી ભીંત(દિવાલ)નાં માપમાં ગરબડ ઊભી થાય છે.ગર્ભગૃહનાં નક્ષત્ર વગેરે જે માપથી મેળવેલાં હોય છે, તે માપ બદલાઈ જાય છે. તેથી દોષ ઊભો થાય છે. આજ - કાલ સંરક્ષણનો પણ પ્રશ્ન ઊભો થાય છે. દિન-પ્રતિદિન સુરક્ષા ઘટતી જઈ રહી છે. ચોરી ચપાટી વધી રહી છે. તેમાં ચોરો વિશેષ કરીને જૈન-અજૈન મંદિરોને જ ટારગેટ(નિશાન) કરે છે.ઘણાં મંદિરોમાં વારંવાર ચોરી થયાના સમાચાર; ન્યુઝ પેપર વગેરેમાં વાચવા - જાણવા મળે છે.

હમણાં હમણાં ડાયમંડના ચક્ષુ લગાવવાનું ચલણ વધી રહ્યું છે. ત્યાં પણ બે મુદ્દા સમજવા જેવા છે.૧.ડાયમંડના ચક્ષુમાં દર્શનનો આનંદ નથી મળતો.એમાં નાનાં નાનાં નંગ બેસાડવાના કારણે,પ્રભુની આંખો એક રસ - કરુણા નીતરતી હોય તવો અહેસાસ નથી થતો.ભૂતકાળમાં સ્ફટિકનાં ચક્ષુ બનાવાતાં હતાં. તેમાં કેવો સરસ ભાવ આવતો? એમાંથી કેવો પ્રકાશ ફેંકાતો? હમણાં હમણાં મીનાકારીનું



ચલણ વધી ગયું છે. ૨.વળી,વ્યવહારથી વિચારીએ, તર્કથી વિચારીએ તો એવું લાગે છે કે,ડાયમંડના દાગીના બને, અંગોપાંગ ન બને.ચક્ષુ એ પ્રભુનું અંગ છે. ભૂતકાળમાં પૂર્વજો પાસે ઘણાં ઉત્તમ રત્નો હતાં. દરેક કલરનાં હતાં. આજના કરતાં ઊંચી જાતનાં, કિંમતી હતાં. દેવો પાસે એવાં જ કિંમતી રત્નો છે. છતાં ક્યાંય ડાયમંડના ચક્ષુ ચઢાવ્યાની વાત વાંચવા નથી મળતી. હા, મુગટ-હાર આંગી વગેરેની વાતો આવે છે.(કુમારપળરાજાના સમયે, સંઘમાળ સમયે જગડ શ્રાવકે ચઢાવો લઈ જે માણેક આપ્યું હતું. તેને હારમાં પેન્ડેન્ટ તરીકે જડવામાં આવ્યાના ઉલ્લેખ મળે છે. ચક્ષુ વગેરે માટે નહીંઃ)તે જ રીતે દમયંતીના ભૂતકાળના ભવમાં રત્નોના તિલક અષ્ટાપદપર ૨૪ જિનને ચઢાવ્યાની વાત છે. તેથી સ્પષ્ટ થાય છે કે હાર તિલક વગેરે શોભાકારક દાગીના બનાવી શકાય.(જેથી તે યોગ્ય સમયે ચઢાવીને ઉતારી,યોગ્ય સુરક્ષિત જગ્યાએ મૂકી પણ દેવાય.)

દાગીના પણ ભગવાન પર ફીકસ ન હોવા જોઈએ.પહેરાવી,કાઢી શકાય તેવા જ હોવા જોઈએ.આજકાલ ગલપટ્ટા,બાજુબંધ, માથા પર ટોપા, હાથ-પગના પંજા વગેરે કાયમી બેસાડી દેવાય છે,તે પણ અયોગ્ય લાગે છે.એને કાઢવા-ચોંટાડવામાં ઘણીવાર ભગવાન ખંડિત થયાના કિસ્સાય બન્યા છે. ક્યારેક ચોરો દ્વારા આવી આશાતના થાય છે.ઓપ-લેપ કરવાવાળાના હાથે આવી મહાઆશાતના થાય છે.

સ્થાયી દાગીના ચોંટાડી દેવાથી વીતરાગપ્રભુની રૂપાતીત અવસ્થાની ભાવના ભાવવામાંય તકલીફ પડે છે. (અવસ્થાત્રિકમાં ગરબડ ઊભી થાય છે, જેમાં પિંડસ્થ-પદસ્થ અને રૂપાતીતઃ એમ ત્રણ અવસ્થાનું ચિંતન કરવાનું હોય છે.)

પૈસા મંદિર-જિનાલયમાં લાગવા માત્રથી એ સદુપયોગ છે,એવું ન માની લેવું.તે જ રીતે બહારનાં ખાન-પાન-હોટલ-લારીગલ્લા પર થતો આડેધડ-બેફામ ખર્ચ એને સદુપયોગ કઈ રીતે ગણાય છે ? ન જ ગણાય. **(ક્રમશઃ) ધ**

## ★ પત્ર પ્રેરણા ★★★

મૈસૂર. તા.૭-૧૧-૨૦

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તથા સા.હર્ષનંદિતાશ્રીજી આદિ તરફથી**, ધર્માનુરાગી સુશ્રાવક **છગનભાઈ** યોગ્ય ધર્મલાભ.

દેવ-ગુરુપસાયે સુખશાતા છે.કોઈક ભવનાં બાંધેલાં અશાતાવેદનીય કર્મના ઉદયે;ન કલ્પેલી વ્યાધિએ શરીરમાં આકાર લીધો છે. આપણે ડગ્યા વગર,વિકલ્પો કર્યા વગર સમાધિમાં રહેવાનું છે.

આત્માના ગુણો સિવાય કોઈ પણ સંયોગ કાયમી હોતો નથી. આત્મા સાથે જોડાયેલા ગુણો જ શાશ્વત છે.રોગાદિ કર્મના કારણે આવે છે.કર્મનો સંયોગ થાય છે ને વિયોગ પણ થાય છે.તેથી રોગાદિનો સંયોગ પણ કાયમી નથી.તેને મહેમાન તરીકે ગણવાના છે. જે રીતે મહેમાન થોડા દિ' રોકાઈને ચાલ્યા જાય છે.તેમ..આય ચાલ્યા જશે.પાપના પાવરને ખતમ કરનારો ધર્મ આપણી પાસે છે. પછી ચિંતા ક્યાંથી હોય..? ઈંટનો જવાબ આપવા માટે જેની પાસે પત્થર હોય તે નિશ્ચિંત હોય છે.જેની પાસે પૂરતું ભોજન હોય તેને ભૂખ પણ દુઃખરૂપ લાગતી નથી. આપણી પાસે દેવ-ગુરુ-ધર્મ હોય પછી ડર શેનો ?

પુણ્ય-પાપનું,ધર્મ-અધર્મનું યુદ્ધ તો અનાદિ કાળથી ચાલે છે.હા,એમાં તાકાતની દૃષ્ટિએ વિચારીએ તો પુણ્ય-ધર્મ જ આગળ છે.

ગયા ચોમાસામાં જે સાંભળ્યું છે તેને વાગોળવાનો સુંદર સમય મળ્યો છે.પરિવાર ઘરની ઘણી જવાબદારી હાલ નથી..તો એ સમયનો સદુપયોગ કરવાનો,પાપોને ખપાવવાનો,પુણ્યને વધારવાનો અણમોલ અવસર મળ્યો છે.સફળ બનાવશો.હાલ હોસ્પિટલમાં હો કે ઘરે;પ્રભુનું શાસન મળ્યા પછી આપણાં આત્મામાં જ ડૂબેલા રહેવાનું. આખો દિવસ અને રાતના જાગવાનું થાય ત્યારે દુનિયા-ઘર-સંસારને ભૂલી માત્ર ને માત્ર આત્માને જ યાદ રાખવાનો.એના ઉત્થાન માટે જ યોજના બનાવવાની. પાપ બંધના સ્થાનને પણ કર્મનિર્જરાનું સ્થાન બનાવશો. તમામનો મમત્વ ભાવ તોડી સમત્વને ભજવાનું કાર્ય કરવાનું છે.જગતમાં તો રાગ-દ્વેષનાં,કર્મબંધનાં હજારો-લાખો નિમિત્તો રોજ જ મળવાનાં.આપણે એ તોફાનોથી બચવાનું છે.

બાહ્ય નિમિત્તોની સાથે અંદરથી ઊઠતા વિચારોને પણ પાણીની જેમ ગાળવાના છે. અર્થાત્ એની હિત-અહિતની દૃષ્ટિએ વિચારણા કરી કચરા જેવા ગણાતા વિચારો-ભાવોનો ત્યાગ કરી,ઉપયોગી વિચારો-ભાવોને જ આગળ વધારવાનાં.બિન ઉપયોગી કચરા જેવા, આત્માને બંધનમાં ફસાવનારા વિચારો કે ભાવોને ફેંકી દેવાના. આપણું મન કે આત્મા 'કચરોપેટી' નથી, તે ભૂલશો નહિ. વિશેષ પછી...

**દ. ભવ્યદર્શન સૂ.ના ધર્મલાભ.** ધ



## ★ વાંચનનું તારણ ★★★

**-સંકલન**

(અનંત જ્ઞાનના ધણી,કરુણાના સાગર, જીવમાત્રના હિતસ્વી, ભાવરોગોના ધન્વંતરી શ્રીતીર્થંકરદેવોએ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની પણ ચિંતા કરી છે. તમામ જીવોની દયાનો ઉપદેશ આપ્યો છે.પૃથ્વીકાયથી પંચેન્દ્રિયસુધીના જીવોને સુખ-દુઃખની અનુભૂતિ હોય છે. તમામ જીવોને સુખ જ પ્રિય છે.દુઃખ કોઈને પણ ગમતું નથી..આવી વાતો કરીને આત્મહિત માટે બીજા જીવોને ન મારવાની અથવા બચાવાની ચાવીઓ બતાવી છે.તે માટે કેટલાક પદાર્થો ખાવા-પીવાની મનાઈ ફરમાવી છે.

એ ખાવા-પીવાની ક્રિયામાં ભક્ષ્યાભક્ષ્યનો -પેયાપેયનો વિવેક વાપરવા માટે અભક્ષ્ય-અનંતકાય જેવા વિભાગો કરી બતાવ્યા છે.કાળ અને ક્ષેત્રની અપેક્ષાએ પણ ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન આપ્યું છે.)

બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયમાં આવા પદાર્થોનું લીસ્ટ મૂક્યું છે. તેમાં બિલાડીના ટોપ(મશરૂમ)અને અંજીરની પણ વાત છે.

વર્તમાનકાળે થયેલા સંશોધન અને બનાવના આધારે છાપામાં આવેલી વાતોને અહીં રજૂ કરી છે. એક યા બીજી રીતે આ વાતો આપણા જૈનધર્મના સિદ્ધાંતોને પુષ્ટ કરે છે. અંજીરમાં કયા જીવો ઈંડા મૂકે છે ? તે વાત સંશોધનના માધ્યમથી નક્કી થઈ છે.

બિલાડીના ટોપ માટેની અમેરિકાની ઘટના પણ ચોંકાવનારી છે. જમીનમાં તો તેના ટુકડા(અનંતકાયના)વાવવાથી તે ઊગે છે.અહીં તો આગળ વધીને એવી વાત મૂકી છે કે તેને ઉકાળીને ઈંજેકશનમાં તેનો રસ ભરી નસમાં લેવાથી નસોમાં નાના-નાના બિલાડીના ટોપ ઊગવા માંડ્યા !! તેના કારણે લોહીની વૉમિટ થવા લાગી.કેટલાય દિવસો સુધી હોસ્પિટલમાં રહી ટ્રીટમેન્ટ લેવી પડી..!વગેરે.

આ બધું આપણા ભગવાને તો હજારો વર્ષ પૂર્વે કહી દીધું હતું. તેથી પ્રભુની આજ્ઞા માનવામાં આવે તો કેટલાં પાપો-દોષોથી બચી જવાય ?વાંચકો પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી જીવનને ઉત્તમ બનાવે, એ જ અભિલાષા

**- સંપાદક**

*अमरीका - अवसाद ग्रसित युवक की नसों में उगने लगे छोटे छोटे मशरूम*

**डोक्टर बोले - मशरूम खाओ, उसने लगा लिया इंजेक्शन**

**पत्रिका न्यूज नेटवर्क**

**वाशिंगटन.** फल या सब्जी के बीज नहीं निंगलने चाहिए, इससे पेट में पेड उग सकता है। माता-पिता छोटे बच्चों को अक्सर यह बात कहकर डराते हैं। लेकिन अमरीका में के एक केस ने साबित कर दिया है कि खाद्य पदार्थों से अजीब प्रयोग नुकसानदायक होता है। नेब्रास्का में अवसाद ग्रसित एक ३० वर्षीय शख्स ने मशरूम के रस का इंजेक्शन खुद को लगा लिया। इससे उसकी नसों में छोटे छोटे मशरुम उगने लगे! उसके कई अंगों ने काम करना बंद कर दिया और उसे २२ दिन अस्पताल में गुजारने पड़े। अस्पताल में उसके खून को तुरंत बदला गया। शरीर में खून बचा था उससे टोक्सिन (जहरीले तत्त्व) निकाले गए। फिलहाल युवक को अस्पताल से छुट्टी मिल गई है। लेकिन डोक्टरों के अनुसार उसको कई सालों तक एंटीबायोटिक और एंटीफंगल दवा लेनी होगी।

**२२ दिन युवक को अस्पताल में गुजारने पड़े, मशरूम उबाले और रस भर लिया**

दरअसल डोक्टरों ने उसे साइकेडेलिक मशरूम खाने की सलाह दी थी। इस मैजिक मशरूम में साइलोसाइबिन नामक तत्त्व होता है जो दिमाग को शांत रखता है। मरीज ने सोचा कि मशरूम खाने से बेहतर है कि इसे सीधे नसों तक ही पहुंचा दिया जाए। तब उसने मशरूम उबाले और उसके रस का इंजेक्शन भर लिया।

**होने लगी खून की उल्टियां**

**दो दिन** बाद व्यक्ति को थकान होने लगी। फिर खून की उल्टी की शिकायत लेकर वह डोक्टर के पास पहुंचा। जांच करने पर नसों में मशरूम पैदा होने की बात जानकर डोक्टर भी हैरान रह गए! उसके लीवर में घाव हो गए और कई अंगों ने काम करना बंद कर दिया!

**पत्रिका, बेंगलोर, दि.18-01-2021**



*आइआइएससी के वैज्ञानिकों ने किया अंजीर के पेड़ पर कीटों का अध्ययन*

**रोचक तथ्यः ततैया जैसे सूक्ष्म कीट भी दिखाते हैं इंसानो की तरह समझदारी**

**राजीव मिश्रा**

बेंगलूरु, भारतीय विज्ञान संस्थान (आइआइएससी) में पारिस्थितिकीय विज्ञान केन्द्र (सीइएस) के वेंज्ञानिको ने अंजीर के पेड़ पर रहनेवाले सूक्ष्म कीटों का अध्ययन कर उनके निर्णय करने की प्रक्रिया का एक रोचक पहलू पेश किया है।

दरअसल,अंजीर की पैदावार में अंजीर ततैया (मधुमक्खियों की एक प्रजाति)की महत्वपूर्ण भूमिका होती हैं। लेकिन उसी पेड़ पर रहनेवाले सूक्ष्म कीड़ें जिन्हें नेमाटोड (सूत्रकृमि) कहा जाता है,अंजीर की फसल को नुकसान पहुचातें है। ये ततैया को भी नुकसान पहुंचाते हैं। लेकिन, परागण के लिए जब ततैया झुंड में एक पेड से दूसरे पेड़ की यात्रा पर निकलते हैं तो नेमाटोड भी उन्हीं के झुंड में समाकर एक पेड़ से दूसरे पेड़ पर पहुंच जाते हैं।

**पारिस्थतिकी के सूत्रधार**

सत्यजीत गुप्ता ने कहा कि यह अध्ययन कृषि के लिए बेहद उपयुक्त हैं। अंजीर के पेड़ ततैया और अन्य कई कींड़ो के सूत्रधार हैं। यह अपने आप कई चीजों को एक साथ समेट रखा हैं। अगर यह प्रणाली नहीं रही तो कई प्रजातियां विलुप्त हो जाएंगी और पारिस्थितिकी पर उसका गंभीर प्रभाव पड़ेगा।

*एक पेड़ से दूसरे पेड़ पर पहुंचने के लिए चुनते हैं कम भीड़वाले वाहक*

**पास्थितिकी एवं कृषि के लिए उपयोगी अंजीर के पैदावार पर असर**

अध्ययन में वैज्ञानिकों ने पाया कि ये कीड़े ततैया के झुंड में जब अधिक संख्या में यात्रा करते हैं (भीड़ जैसी स्थिति)तो वे न सिर्फ परजीवी बन जाते हैं और ततैया के झुंड को नुकसान पहुंचाते हैं बल्कि अंजीर के जिस पौंधे पर पहुंचते हैं उन्हें भी नुकसान पहुंचाते हैं। दरअसल,ततैया अपने अंडे अंजीर के फूलों में छोड़ देती हैं जो फल वन जाता है। अंजीर के आकार और बेहतर पैदावार में इनकी

महत्त्वपूर्ण भूमिका होती है। बदले में ततैया को अंजीर के पेड़ से भोजन मिल जाता है। लेकिन,इस पेड़ पर तीन अलग-अलग प्रकार के भी कीट रहते है और सभी एक पेड़ से दूसरे पेड़ पर पहुंचने के लिए ततैया पर ही भरोसा करते हैं। लेकिन ततैया के साथ यात्रा करनेवाले कीड़े अंजीर की पैदावार गिराते हैं।

**करोड़ों वर्ष का रिश्ता** सीइएस के वैज्ञानिक (रिसर्च एसोसिएट सत्यजीत गुप्ता ने 'पत्रिका' को बताया कि एक पेड़ से दूसरे पेड़ पर पहुंचने के लिए नेमाटोड ततैया का झुंड चुनने में काफी समझदारी दिखाते हैं। नेमाटोड ततैया के उस झुंड का चुनाव करते है जिसमें भीड़ कम हो और उनकी प्रजाति के दूसरे कीट भी हों। इससे नेमाटोड को एक तो अपना साथी मिल जाता हैं और गंतव्य तक सुरक्षित पहुंचने की संभावना भी बढ़ जाती है। यह सिलसिला करोड़ो वर्षो से चलता आ रहा हैं।)

**कीटों में भी मानव जैसे व्यवहार**

एक अन्य शोधकर्ता प्रोफेसर रेनी बोर्गेस ने कहा कि इस अध्ययन का मुख्य संदेश यही है कि सूक्ष्म से सूक्ष्म कीटों में भी निर्णय करने की जटिल प्रक्रिया है और यह इंसानों जैसी ही है। जिस तरह हम परिवहन का विकल्प चुनते समय किसी भीड़ भरी बस में नहीं जाना चाहते और खाली बस का इंतजार करते हैं, उसी तरह ये सूक्ष्म कीट भी कम भीड़ वाले वाहक पकड़ना चाहते हैं। नियंत्रित प्रयोग के दौरान कीटों के सामने दो तरह के विकल्प पेश किए जिसमें एक में कम भीड़ थी जबकि दूसरे में ज्यादा, कीटोंने पहले विकल्प को ही चुना। **पत्रिका - बेंगलोर - १८-१-२०२१**

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

**બેંગલોર :** પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાએ જ્યાં વિ.સં.૨૦૭૫નું સાતુર્માસ કર્યું હતું, તે બસવેશ્વરનગરમાં હાલારી જૈન સંઘમાં જ તેઓ હાલ બિરાજમાન છે. પ્રવચનો નિયમિત ચાલું છે.એ દરમિયાન પૂ.આ.ભ.શ્રીરત્નસેનસૂરીશ્વરજી મહારાજા બેંગલોર પધારવાના હોવાથી તથા



નગરથપેટમાં કેટલાક કાર્યક્રમ હોવાથી; શ્રીસંઘની વિનંતિપૂર્વક આ.ભ.ત્રણ દિવસ માટે ત્યાં પધાર્યા હતા. પો.સુ.૧૧ તા.૨૪-૧-૨૦૨૧ રવિવારે પૂજ્યોનો વાજતે ગાજતે નગરથપેટમાં પ્રવેશ થયો. પ્રવેશબાદ બંને પૂજ્યોનાં માંગલિક પ્રવચન થયાં. ત્યારબાદ ત્યાંના શ્રી અજિતનાથ જિનાલયમાં પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક નિમિત્તે શાંતિધારાના માધ્યમથી અખંડ અભિષેક થયા. બોલી બોલવા પૂર્વક એના લાભો અપાયા હતા. જિનાલયની ભવ્ય સજાવટ કરવામાં આવી હતી. નગરથપેટમાં આવા અભિષેક પ્રથમવાર થયા.

બીજે દિવસે સોમવારે 'સકલતીર્થ વંદના'નો મંગલ કાર્યક્રમ થયો. સંગીત સાથે થયેલા એ કાર્યક્રમમાં ભાવિકો સારી સંખ્યામાં જોડાયા હતા. ખૂબ જ આનંદ આવ્યો. ભગવાન પધરાવી, સજાવટ અને સંગીત સાથે પ્રોગ્રામ થયો. બંને પૂ.આચાર્ય ભગવંતોએ સંવેદના કરાવી હતી.

ત્રીજે દિવસે પો.સુ.૧૩ તા.૨૬-૧-૨૧ મંગળવારે તપાગચ્છાધિરાજ, વ્યાખ્યાનવાચસ્પતિ, દીક્ષાયુગપ્રવર્તક, દીક્ષાના દાનવીર પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્‌ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૧૦૮મી દીક્ષાતિથિની સ્મૃતિમાં** ગુણાનુવાદનો કાર્યક્રમ રખાયો હતો.ઘણા શ્રાવકોએ ગુણાનુવાદ કર્યા હતા. સંગીતકારે સ્તુતિ અને ગીતોનું ગાન કર્યું હતું. પ્રાંતે બંને આચાર્યભગવંતોએ ગુણાનુવાદ કર્યા હતા. દુર્લભ બનેલી દીક્ષાને સુલભ બનાવવા માટે સ્વ.પૂજ્યશ્રીએ કરેલા પુરુષાર્થને એમાં ઉપસાવવામાં આવ્યો હતો.તે ઉપરાંત પૂજ્યશ્રીની સિદ્ધાંતનિષ્ઠા વગેરેની વાતો પણ કરવામાં આવી હતી.અંતે સૂકા મેવાની પ્રભાવના અપાઈ હતી. ગુરુમૂર્તિ અને ગુરુભગવંતની છબી પધરાવી સજાવટ કરવામાં આવી હતી. એ ઉપરાંત ૧૨૫ કિલો અક્ષતથી રજોહરણની રચના કરવામાં આવી હતી. સોનાના વરખ અને શુદ્ધ કેસરથી પ્રભુની અંગરચના થઈ હતી.પ્રવચન-ગુણાનુવાદમાં વિશાળ હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો.ત્રણે દિવસ માહોલ સુંદર હતો. (દેવ-ગુરુની ભક્તિના આ કાર્યક્રમમાં ત્યાંના સ્થાનિક સંઘના ભાગ્યશાળીઓ ઉપરાંત ભદ્રંકર પરિવાર તથા ત્રિભુવન-તારક પરિવાર લાભાર્થી બન્યા હતા. ત્રણેના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો.)

પો.સુ.૧૪ તા.૨૭-૧-૨૧ બુધવારે પૂ.આ.ભ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ. પરત બસવેશ્વરનગર પધાર્યા. અહીં આજે ગુણાનુવાદ રાખવામાં આવ્યા હતા. સુંદર ગુણાનુવાદ થયા.અંતે રૂ.૭૦નું સંઘપૂજન થયું.

રોજ પ્રવચન - સંઘપૂજન નિયમિત ચાલું છે.

**પ્રેમ પ્રશ્ન -પુસ્તક વિમોચન :** તપાગચ્છાધિરાજની દીક્ષાતિથિના દિવસે આ પુસ્તકનું વિમોચન કરવાનું હતું,પરંતુ પુસ્તક મોડું પહોંચવાના કારણે પો.વ.૩ રવિવારે પ્રવચનમાં તેનું વિમોચન કરવામાં આવ્યું.પૂજ્યપાદ મરુધરરત્ન,પિંડવાડાના પતોનાપુત્ર, સચ્ચારિત્ર ચૂડામણિ, સિદ્ધાંત મહોદધિ આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને;** તેઓશ્રીના પ્રશિષ્ય પૂ.પં.**શ્રી કાંતિવિજયજી મહારાજે** પૂછેલ પ્રશ્નો અને તેઓના સિદ્ધાંત મહોદધિશ્રીજીએ આપેલ ઉત્તરોનો આ સંગ્રહ છે. **પ્રશ્નોત્તરસુધાથી** શરૂ થયેલી **પૃચ્છના સ્વાધ્યાય શ્રેણિનું આ પંદરમું પ્રકાશન** છે. સમ્યગ્જ્ઞાનદાતા, ધર્મતીર્થપ્રભાવક પૂજ્યપાદ આ. ભ. **શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના** પ્રશિષ્યરત્ન, મહારાષ્ટ્રશાર્દૂલ, વર્તમાન સુવિશાલ ગચ્છનેતા પૂ.આ.ભ.**શ્રીમદ્વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાના** વરદહસ્તે સંપાદિત આ પ્રશ્નોત્તર ગ્રંથોમાંનું ૧૫મું નજરાણું છે. પ્રશ્નોત્તરના માધ્યમથી પ્રશ્નકારની જ નહીં, અનેક ભાગ્યશાળીઓની જિજ્ઞાસાની તૃપ્તિ થઈ રહી છે.

અત્રેના ટ્રસ્ટી દિનેશભાઈ, છગનભાઈ ઉપરાંત ગામ-પરગામના આરાધકો શાંતિભાઈ,રાજેશભાઈ બાગરેચા, દિનેશભાઈના (અમદાવાદ)હાથે વિમોચનવિધિ સંપન્ન થઈ. પૂ.આ.ભ.તથા પૂ.સાધ્વીજી ભદ્રિકાશ્રીજીમ.ને પુસ્તક અર્પણ કરવામાં આવેલ. અંતે રૂ.૧૦ની પ્રભાવના થઈ હતી.

પ્રવચનો નિત્ય-નિયમિત ચાલું છે.રોજ ૫-૧૦ રૂ.પ્રભાવના તો થાય જ છે. ગુજરાત મહારાષ્ટ્ર વગેરેથી ભક્તો શાતા પૂછવા આવી રહ્યા છે. તે જ રીતે મૈસૂર, ચેન્નઈ વગેરે ગામ નગરોથી પણ ભાવિકો વંદનાર્થ આવતા હોય છે.

**અમદાવાદ - ટોળકનગર :**

ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાનના આંગણે શાસનપ્રભાવક આરાધનાઓની શ્રેણિ રચાઈ છે.



દિવાળીપર્વની આરાધનામાં ૨૫૬ છઠ્ઠ થયા. વીરવંદનાવલી સહિત પારણાનો લાભ જયંતીલાલ આત્મારામ તથા મુન્નાબેન શિરીષભાઈ પરિવારે લીધો.

કોરોનાના કપરા સમયમાં 'ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાન'ના ટ્રસ્ટીઓ પરેશભાઈ જ્યોતીન્દ્રભાઈ-ચંપકભાઈ આદિના સાથ-સહકારથી તમામ પ્રસંગો પ્રશંસા-અનુમોદનાર્હ બન્યા.

નૂતન વર્ષે અહીંના ટ્રસ્ટ તરફથી સુવર્ણાક્ષરે લખાયેલા નવસ્મરણ ગૌતમ સ્વામીના રાસની પ્રત ચઢાવાપૂર્વક ગુરુભગવંતોને અર્પણ કરી વાંચન થયું.

જ્ઞાનપંચમી પર્વદિને ૪૫ આગમના છોડની સજાવટ સાથે ૪૫ આગમ પધરાવાયા. સામૂહિક દેવવંદન થયાં. ૪૦ થી અધિક પૌષધ થયા.જ્ઞાન સજાવટનો લાભ બાંટ નિવાસી મુધબેન નરેશભાઈ પરિવારે લીધો હતો. દરેક પર્વોમાં પ્રભુજીની ભવ્ય અંગ રચના થતી હતી.

ચોમાસી ચૌદસે પૌષધ - દેવવંદન - પ્રતિક્રમણાદિ થયેલ.

ચાતુર્માસ પરિવર્તન(પૂનમે)માં સિદ્ધગિરિનો પટ જુહાર્યો. પરિવર્તનનો લાભ જાસુદબેન ભોગીલાલ પરિવારે લીધો હતો. સકલસંઘની નવકારશી કરાવેલ.

મૌન એકાદશી પર્વદિને પૂ.આ.શ્રી નરચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ૬૪મા દીક્ષાદિન નિમિત્તે ૧૧૦થી વધુ પૌષધ,ઉપવાસવાળાના પારણાં.પારણાંનો લાભ પૂજ્યશ્રીના સંસારી પરિવારજનોએ લીધો. આરાધકો તરફથી કાંસાનાં થાળી-વાડકાનો સેટ અને અમિતભાઈ તરફથી ૧કિલો ગોળ અપાયો.

પોષ દશમીના પ્રસંગે બે સાધ્વીજી ભગવંતોનો સમાધિ મહોત્સવ ઉજવાયો. 'પાર્શ્વરાજ મંદિરમ્' ની સુંદર વ્યવસ્થા થઈ. તેમાં ૧૪-૧૪ પ્રાચીન - અર્વાચીન પાર્શ્વનાથ ભગવાન પધરાવ્યા હતા. ત્રણે દિવસ ૩૬-૩૬ ભગવાન કરી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન; રચના-રંગોળી સજાવટ સાથે થયેલ.'પાર્શ્વરાજ મંદિરમ્ ' ની શોભા નિરાળી હતી. પાંચે દિવસ સાધર્મિકભક્તિ થયેલ.

ઉત્તરપારણાનો લાભ ઓમૂદર્શન ફ્લેટવાળા અભયભાઈ ભરતભાઈએ લીધો હતો. જન્મ કલ્યાણકની વધાઈ તથા વરઘોડો પણ પ્રભાવક થયો. રોજ

પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ભવ પર પ્રવચનો ચાલું હતાં. રોજ સાંજે સંધ્યાભક્તિ સંગીતકારોના માધ્યમથી થતી. વિશિષ્ટ અંગરચનાનો લાભ શા.જયંતીલાલ આત્મારામ પરિવારે લઈ સમ્યગ્દર્શનની શુદ્ધિ-વૃદ્ધિનું આલંબન પૂરું પાડ્યું. વસંતકુંજના આરાધકો તથા પૂ.આ.ભ.ના ગુરુભક્તો તરફથી અઠ્ઠમનું આયોજન થયું. ચેતનભાઈ, ઋષિભાઈ આદિનો સુંદર સહયોગ -સહકાર મળ્યો હતો.

પારણાબાદ તમામ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. ભક્ત વર્ગ તથા આરાધક ભાઈ બહેનો તરફથી એક બાજોઠ અને અશોકભાઈ જયંતીલાલ આત્મારામ પરિવાર તરફથી ૫૦ રૂ. થી બહુમાન થયેલ.કુલ ૬૨૩ અઠ્ઠમ થયા! શ્રમણ-શ્રમણીગણમાં પૂ.આ.શ્રી હર્ષદર્શન સૂ.મ.તથા પૂ.પં.શ્રી ધર્મતિલકવિ.મ. સહિત ૪૦ થી અધિક અઠ્ઠમ હતા.

અક્ષયકૃપા ટ્રસ્ટ આયોજિત, વિજયરામચન્દ્રસૂરિ દીક્ષા શતાબ્દી શ્રમણવેયાવચ્ચના ઉપક્રમે, શ્રમણ-શ્રમણીભગવંતોની સેવા કરતા ૮૦ અથી અધિક ડોક્ટર્સ, મોટી હોસ્પિટલો તથા લેબોરેટરીવાળા- મેડિકલ સ્ટોરવાળાનું બહુમાન થયેલ. દિલીપભાઈ વસા રાજકોટવાળા, અશોકભાઈ જયંતીલાલ વગેરે અનેક સંઘના ભાગ્યશાળીઓ પધાર્યા હતા.

કેટલાક ડોક્ટર્સે તો માનાર્હ સેવા આપવા ઉપરાંત વેયાવચ્ચ ખાતે સુંદર રકમ લખાવી હતી ! કેટલાક ડોક્ટર્સે બહુમાનની રકમ વેચવચ્ચખાતે જમા કરાવી દીધેલ ! પૂ.શ્રીના ઉપદેશથી વેચાવચ્ચનું ફંડ થયેલ.

પૂ.ગુરુદેવ આ.ભ.શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં જ્ઞાન-સંસ્કાર વગેરેથી તાલિમ પામેલ સુશ્રાવક નિકુલ અશોકભાઈ તથા તેમની ટીમ સેવામાં રાત-દિવસ ખડેપગે હાજર રહેતા. ક્યાંય ખામી આવવા ન દેતા!

આરાધકોએ પણ શાસનની આન-બાન-શાન વધારી.

પોષસુ.૧૩ના તપાગચ્છાધિરાજ પૂ.આ.ભ. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ગુણાથીવાદ બપોરે ૧૨ વાગ્યા સુધી થયા! ૭૫૦થી અધિક સંખ્યા હતી! ૫૦રૂ.નું સંઘપૂજન તથા સાધર્મિકભક્તિ થઈ. લાભાર્થી, ગામ પરિવાર તથા ગુરુભક્ત પરિવાર, સુકૃત અનુમોદના પરિવાર હતો.

ધ



## ★ પુનર્જન્મ ★★★

- સંકલન

### પીટરની અદ્ભુત શક્તિ !

પીટર યુરોપમાં ૩૦ ફૂટ ઊંચાઈથી અકસ્માત પડી ગયો. ત્રણ દિવસ બેશુદ્ધ રહ્યો,જ્યારે તે શુદ્ધિમાં આવ્યો,ત્યારે તેને નવી શક્તિ પ્રાપ્ત થઈ હતી. જેથી તે ૧.કોઈ પણ મનુષ્યની વર્તમાન સ્થિતિ, તેનો સ્વભાવ, તેના કુટુંબી, સગાસંબંધી, મિત્ર આદિનું વર્ણન કરી શકે છે! ૨. મનુષ્યની ભૂતકાળ અને નજીકના ભવિષ્યમાં શું થશે અને કેવી રીતે થશે, તે કહી શકે છે ! ૩. અમુક ભૂમિમાં ક્યાં ખનીજ છે તે કહી શકે છે ! ૪. ક્યાંય પણ અકસ્માત થાય, તો તે ત્યાં ગયા સિવાય, પૂછ્યા સિવાય પણ, કઈ જગ્યાએ, કેવીરીતે અકસ્માત થયો તે કહી શકે છે ! ૫. પ્રશ્ન કરનારની વાત જાણી શકે છે ! ૬. મનુષ્ય જીવનમાં બનેલી, કોઈ પણ વાત સવિસ્તર વર્ણન કરી શકે છે ! ૭. ક્યારે પણ ન દેખેલી વસ્તુનાં નામ, આકાર, રંગ આદિ કહી શકે છે !

કોઈ પણ મનુષ્ય સંબંધી જાણવું હોય તો, તેની કોઈ વસ્તુ પીટરના હાથમાં આપવી પડે. કોઈ વસ્તુ સંબંધી જાણવું હોય તો, તે વસ્તુ અથવા તેનો કોઈ ભાગ તેના હાથમાં આપવો પડે. આવી અદ્ભુત શક્તિ કેવી રીતે મળી, તેનો ખુલાસો મળી શકતો નથી.

પાતંજલ યોગ સૂત્રના અધ્યાય ૪-૧ માં કહ્યું છે કે : 'જે મનુષ્યને યોગવિદ્યાની સાધનાથી કોઈ લબ્ધિ પ્રાપ્ત થાય તો તે લબ્ધિ તેના મૃત્યુ બાદ નાશ પામતી નથી,પરંતુ તેના પુનર્જન્મમાં તે લબ્ધિ અનાયાશે તેને પ્રાપ્ત થાય છે ! (જૈન -૧૫-૭-૬૩, કોઈએ આને મતિઅજ્ઞાન લબ્ધિ કહી છે.)

### શ્રી કાનજી દ્વારકાદાસ અને શ્રી રતીમહમદ અલી જિન્ના !

તમે કોઈ વખત એવું અનુભવ્યું છે કે રસ્તે ચાલતાં અગણિત લોકોમાંથી એકાદ વ્યક્તિ, કોઈ પણ કારણ વગર તમારું લક્ષ પોતાના પ્રત્યે ખેંચે અને તમે તેને જુઓ અને તમને લાગે, આ વ્યકિતને હું જરૂર જાણું છું, પરંતુ ખબર નથી કે આ ઓળખાણ વખતે કોઈ બીજા જન્મની હોય ! પરંતુ ઓળખાણ જરૂર ! પછી ભીડના કારણે તેના મુખને તમે ભૂલી જાવ.

કંઈ વર્ષો પછી એ મુખને જુઓ અને એ વ્યક્તિ તો તમારા જીવનમાં આવી ગઈ છે, એવી આવે કે તેને મૃત્યુ પણ પાછો લઈ ન શકે. **(ક્રમશઃ)** ધ

# માયા

**दम्भलेशोऽपि मल्ल्यादेः, स्त्रीत्वानर्थनिबन्धनम्।**

**अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ।।**

નાની પણ માયા(દંભ) શ્રીમલ્લિનાથાદિ જીવોને સ્ત્રીપણારૂપ અનર્થનું કારણ બની, તેથી ચારિત્રધર (વિરતિવંત) શ્રમણ-શ્રમણી ભગવંતે પણ એનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવો જોઈએ.